# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષ: ૮ ◆ અંક: ૬ ◆ સળંગ અંક: ૯૦ ◆ તા.૨૦/૦૪/૨૦૨૪, શનિવાર ◆ પાના-૪ ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)

◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month


## ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન દ્વારા રિફ્રેશર કોર્સનું કરવામાં આવ્યું આયોજન

### અમદાવાદ ખાતે ચેમ્બર ઓફ કોમર્સ બિલ્ડીંગ ખાતે મૂટ કોર્ટ સહિત જી.એસ.ટી. ના વિષય ઉપર રિફ્રેશર કોર્સ






તા. ૨૯.૦૩.૨૦૨૪ ગુજરાતમાં જી.એસ.ટી. પ્રોફેશનલ્સના સૌથી મોટા એસોસીએશન એવા ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસો દ્વારા ૨૯ માર્ચ ૨૦૨૪ ના રોજ અમદાવાદ ખાતે રિફરેશર કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. અનિલ શેઠ રિફ્રેશર કોર્સ તરીકે ઓળખાતા આ રિફ્રેસર કોર્સ માં સભ્યોને ટ્રાઈબ્યુનલમાં અપીલ ચલાવવા બાબતે માર્ગદર્શ્ન મળી રહે તે માટે ‘‘મૂટ કોર્ટ’’ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ‘‘મૂટ કોર્ટ’’ ના જજ તરીકે નિવૃત જજ શ્રી કે. એ, પૂજ તથા વેટ ટ્રાઈબ્યુનલના ભુતપૂર્વ સભ્ય શ્રી નિતિન આચાર્ય દ્વારા સેવા આપવામાં આવી હતી. ગુજરાતના જાણીતા એડ્વોકેટ એવા ઉચિતભાઈ શેઠ, હાર્દિકભાઇ મોઢ, અપૂર્વભાઇ મહેતા તથા વારીશભાઈ ઈસાની દ્વારા આ ‘‘મૂટ કોર્ટ’’ માં વકીલ તરીકે સેવા આપવામાં આવી હતી. આ ‘‘મૂટ કોર્ટ દ્વારા સભ્યોને ટ્રાઈબ્યુનલમાં ચાલતા કેસો બાબતે રસપ્રદ માહિતી ‘‘પ્રેક્ટિકલ’’ રીતે આપવામાં આવી હતી. આ રિફ્રેશર કોર્સમાં જાણીતા એડ્વોકેટ અભયભાઈ દેસાઇ દ્વારા જી.એસ.ટી. વિષય ઉપર ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. આ રિફરેશર કોર્સમાં સમગ્ર રાજ્ય માંથી સભ્યો હાજર રહ્યા હતા. આ રિફરેશર કોર્સને સફળ બનાવવા કનવેનર એચ. વી શાહ, પ્રમુખ જયેશભાઇ શાહ તથા તેમની ટિમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

**ટેક્ષ ટુડે-બ્યૂરો રિપોર્ટ**

## ભાવનગર સેલ્સ ટેક્સ બાર એસો. દ્વારા પ્રથમ આંતરરાષ્ટ્રીય રેસિડનશિયલ રિફરેશર કોર્સનું આયોજન

### નેપાળ ખાતે આયોજન કરવામાં આવ્યું: કાઠમાંડું, પોખરા તથા ચિતવન જેવા સ્થળોનો સમાવેશ





તા. ૦૬.૦૪.૨૦૨૪ ભાવનગર સેલ્સ ટેક્સ બાર એસોસીએશન દ્વારા પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય રેસિડનશિયલ કોર્સ (RRC)નું આયોજન નેપાળ ખાતે કરવામાં આવ્યું હતું. ૨૬ માર્ચથી ૨ એપ્રિલ સુધી આ RRCનું આયોજન કાઠમાંડું, પોખરા તથા ચિતવન જેવા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ.

આ RRCમાં કાઠમાંડુની હોટેલ લેન્ડ માર્ક ખાતે જાણીતા વક્તા ભરતભાઇ શેઠ દ્વારા જી.એસ.ટી. કાયદા હેઠળ આકારણીની જોગવાઈ વિષે વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આ સેશનમાં સભ્યોના પ્રશ્નોના જવાબ પણ વક્તા દ્વારા આપવામાં આવ્યા હતા. આ RRCમાં ડેલેગેટ્સ જી.એસ.ટી. ની માહિતી મેળવવા ઉપરાંત કાઠમાંડુ ખાતે જગવિખ્યાત પશુ પતિનાથ મંદિરની સંધ્યા આરતીના દર્શન કર્યા હતા.

આ RRCમાં ડેલિગેટ્સ એ નેપાળના કુદરતી સૌંદર્યનો આનંદ માણ્યો હતો.

આ RRCને સફળ બનાવવા એસોસીએશનના પ્રમુખ અનિલભાઈ ટેકવાની, હોદ્દેદારો ઉપરાંત ભરતભાઇ શેઠ તથા એ.જી. પ્રજાપતિએ ખાસ જહેમત ઉઠાવી હતી.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# જી.એસ.ટી.માં ફર્સ્ટ અપીલ ફાઈલ કરવાની સમયમર્યાદા અને તેને સંલગ્ન ઉદભવતા પ્રશ્નો !



By Bhargav Ganatra

**પ્રસ્તાવનાઃ–**

આપણે સૌ જાણીએ છીએ કે હાલમાં જી.એસ.ટી. હેઠળની આકરણીની પ્રક્રિયા ખુબ જ ઝડપથી ચાલી રહી છે. હવે આ પરિસ્થિતિમાં એવું પણ બનતું હોય છે કે ક્યારેક કરદાતાની વિરુદ્ધમાં પણ આદેશ થતો હોય છે. તો આ કિસ્સાઓમાં સામાન્ય પણે કરદાતાઓ DRC-07 એટલે કે આદેશ ની વિરુદ્ધમાં ફર્સ્ટ અપીલ ફાઈલ કરવાનું પસંદ કરતાં હોય છે. જિ.એસ.ટી. કાયદા ની અંદર ફર્સ્ટ અપીલ એ આ કાયદાની કલમ ૧૦૭ મુજબ કરવાની થતી હોય છે.

**તો જાણીએ કે શું કહે છે... જી.એસ.ટી.ની કલમ ૧૦૭ !**

**શું છે કલમ ૧૦૭(૧) અને કલમ ૧૦૭(૪)?:–**

કલમ ૧૦૭(૧) મુજબ જો કોઈ પણ વ્યક્તિ એ કોઈ આદેશથી નારાજ હોય તો તેમણે આ આદેશની જાણથી ત્રણ મહિનાની અંદર તે આદેશ વિરુદ્ધ ફર્સ્ટ અપીલ ફાઈલ કરવાની હોય છે.

કલમ ૧૦૭(૪) મુજબ જો અપીલ અધિકારી એ વાતથી સહમત થાય કે અપીલકર્તા એ કોઈ પર્યાપ્ત કારણોસર ત્રણ મહિનાની અંદર કોઈ આદેશ સામે અપીલ કરવાનું ચુકી ગયા હોય છે...તો પછી હવે અપીલ અધિકારી એ અપીલકર્તા દ્વારા વધારાના એક મહિના સુધીમાં દાખલ કરાયેલી અપીલ ને માન્ય કે અમાન્ય રાખવાનો અધિકાર ધરાવે છે.

**શું છે દિવસો અને મહિનાઓ વચ્ચેની ગુંચવણ ?:–**

અહીં ઉપર જાણ્યું તેમ કે જિ.એસ.ટી. કાયદાની કલમ ૧૦૭ મુજબ અપીલ ફાઈલ કરવાનો સમય ગાળો એ ત્રણ મહિના + એક મહિના સુધી નો છે.

ઘણી વખત આપણે DRC-07 એટલે આકરણી કરનાર અધિકારી એ પસાર કરેલ આદેશમા પણ જોતાં હોઈએ છીએ કે જેમાં અધિકારી શ્રી દ્વારા એવું લખવામાં આવતું હોય છે કે આ આદેશ થી નારાજ હોઈએ તો ૯૦ દિવસમા ફલા ફલા અધિકારી અને ફલા ફલા કચેરીએ અરજી કરી શકો છો.

હવે આવામાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે શું આ ત્રણ મહિના અને એક મહિનાને નેવું દિવસ + ત્રીસ દિવસ ગણવું જોઈએ કે પછી....ત્રણ મહિના + એક મહિના તરીકે જ ગણવું જોઈએ.

**શું છે Dodds v. Walkerનો સિદ્ધાંત ?:–**

Dodds v. Walker ના પ્રખ્યાત ચુકાદામાં હાઉસ ઓફ લોર્ડસ એ ચુકાદો આપતા કહ્યું હતું કે ..જયારે કોઈ કાયદા હેઠળ કોઈ સમયમર્યાદાની ગણતરી એ કોઈ મહિનાઓ મુજબ કરવાની હોય તો સામાન્ય નિયમ એ રહેશે કે તે માટેની ગણતરી માટે તે લાગુ પડતા અનુગામી મહિનાઓ પછીની સંલગ્ન છેલ્લી તારીખ જોવાની થશે.

તદુપરાંત આ માટે એ વું




પણ બની શકે કે કોઈ એક મહિનો બીજા મહિના કરતાં વધારે અથવા ઓછા દિવસો પણ ધરાવતો હોય.

ઉદાહરણ તરીકે તા. ૦૬/૧૧/૨૩ ના રોજ DRC-07 એટલે કે આદેશ પસાર કરવામાં આવ્યો છે.

તો હવે જિ.એસ.ટી. ની કલમ ૧૦૭(૧) મુજબ અપીલ ફાઈલ કરવાનો છેલ્લો દિવસ એ ૦૬/૦૨/૨૪ થશે.

વધુમાં કલમ ૧૦૭(૪) મુજબ અપીલ ફાઈલ કરવાની છેલ્લો દિવસ એ ૦૬/૦૩/૨૪ થશે.

આથી ઉજ્ઞમમત v. Walkerના સિદ્ધાંત મુજબ એ નિષ્કર્ષ જાણી શકાય કે, ત્રણ મહિનાના સમયગાળાને નેવું દિવસ તરીકે ગણી શકાય નહીં અને જેથી ત્રણ મહિના એ નેવું દિવસ કરતા વધારે અથવા ઓછો સમયગાળો પણ ધરાવતા હોય તે સમજી શકાય છે.

**શું છે Dodds v. Walkerની ભારતીય કાયદાઓ માટેની વૈધિકતા ?:–**

જેવી રીતે આપણે જાણીએ છીએ તે રીતે કે દેશની નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવતાં ચુકાદાઓ ને દેશ માટેનો કાયદો માની શકાય છે.

આમ અહીં એ જાણવું જરુરી છે કે નામદાર સુપ્રિમ કોર્ટ એ સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરુદ્ધ હિમાચલ ટેકનો એન્જીનીયરસ ના કેસમાં Dodds Vs. Walkerના સિદ્ધાંતનો ઉપયોગ કરીને ચુકાદો આપેલ છે.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ એ બીબી સલ્મા ખાતુન વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહારમા પણ આ જ સિદ્ધાંતના નિયમોના આધાર પર દિવસો અને મહિનાઓ વચ્ચેનો ભેદ સમજાવેલો હતો.

આમ અહીં ઉજ્ઞમમત દ. ઠ્ઠહસયિ નો સિદ્ધાંત એ ભારતીય કાયદાઓ માટે પુરી રીતે માન્ય કહી શકાય.

**શું છે જિ.એસ.ટી. માટેના ન્યાયિક નિર્ણયો ! :–**

નામદાર મદ્રાસ હાઈકોર્ટ ના હેમાશ્રી એન્ટરપ્રાઈઝ વિરુદ્ધ ધ અપેલેટ ઓથોરિટી ના ચુકાદામાં નામદાર મદ્રાસ હાઈકોર્ટ એ કલમ ૧૦૭ હેઠળની સમય મર્યાદા માટે નોંધ્યુ હતું કે અહીં દર્શાવેલ સમયમર્યાદા એ મહિના હેઠળ છે. આથી, જિ.એસ.ટી. હેઠળ ફર્સ્ટ અપીલ ફાઈલ કરવાની સમયમર્યાદા એ ઉજ્ઞમમત v. Walkerના સિદ્ધાંત હેઠળ નક્કી થવી જોઈએ.

નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ નો શ્રી રામ પ્લાય પ્રોડકટ વિરુદ્ધ એડીશનલ કમિશનર ગ્રેડ-૨ ના ચુકાદામાં નામદાર કમિશનર શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે અપીલ એ ૧૨૧ મા દિવસે ફાઈલ થયેલી હોવાથી ના મંજુર કરવાપાત્ર છે. ત્યારે આ માટે નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે એ આ અંગે ચુકાદો આપ્યો હતો કે અહીં અલબત એ નોંધ કરી શકાય કે કલમ ૧૦૭ મુજબ ની સમય મર્યાદા એ મહિનાઓ અંગે ની ચોખવટ કરે છે અને તેથી જિ.એસ.ટી. હેઠળ અપીલ ફાઈલ કરવાની સમયમર્યાદા ને નેવું + ત્રીસ દિવસ તરીકે ના ગણી શકાય.

**એક્સ્ટ્રા શોર્ટઃ–**

સામાન્ય રીતે જોઈએ તો અપીલ ફાઈલ કરવા માટે નેવું દિવસ અને ત્રણ મહિના અથવા એકસો વીસ દિવસ અને ચાર મહિના વચ્ચે કોઈ વધારે ભેદ જાણી શકાય નહીં.

પરંતુ, ઉપર જાણ્યું તે રીતે કે જો અપીલ એ આદેશની જાણથી ત્રણ મહિના/ચાર મહિના ની અંદર ફાઈલ થઈ હોય છતાં નેવું દિવસ/એકસો વીસ દિવસ ના કાયદાનો હવાલો આપીને અપીલ નામંજુર કરવાની દલીલો કરવામાં આવે ત્યારે ઉજ્ઞમમત v. Walker તથા નામદાર સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટ ના આ ચુકાદાઓ અગત્યનો બચાવ બની શકે છે.

**(આ લેખ ૦૧ એપ્રિલ ૨૦૨૪ ના રોજ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં પ્રકાશિત થયેલ છે)**

# GST અંતર્ગત બુક્સ ઓફ એકાઉન્ટ ક્લોઝ કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓની સરળ ભાષામાં સમજુતી



By Prashant Makwana

**તારીખ ૧૬/૦૩/૨૦૨૪**

**પ્રસ્તાવના**

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પૂરું થય ગયું છે ત્યારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના બુક્સ ઓફ એકાઉન્ટ આપને ક્લોજ કરી રહ્યા છી ત્યારે આપણે GST અંતર્ગત ઓઉટપુટ ટેક્ષ લાયાબીલીટી અને ઈનપુટ ટેક્ષ ક્રેડીટ બાબતે કઈ કઈ બાબત ને ધ્યાન માં લેવી જોય તેની સરળ ભાષા માં સમજુતી આ આર્ટીકલ માં આપવામાં આવી છે.

**ઓઉટપુટ ટેક્ષ લાયાબીલીટી**

- બુક્સ ઓફ એકાઉન્ટ, GSTR-1 અને GSTR-3B માં વેચાણ અને ટેક્ષ લાયબીલીટી એક સરખી હોવું જોઈએ.
- FIXED ASSETS નું વેચાણ કરેલ હોય તો તેને પણ GSTR-1 માં અને GSTR-3B માં દર્શાવવું જરૂરી છે.
- નફા નુકશાન ખાતાની જમા બાજુ આપણે વેચાણ સિવાયની કોઈ પણ આવક બતાવેલા હોઈ તો તે જો GST ના દાયરામાં આવતું હોય તો તે GSTR-1 અને GSTR-3B માં દર્શાવવું જરૂરી છે.
- E-WAY BILL અથવા E-INVOICEમાં જે ટેક્ષ લાયબીલીટી ડીકલેર થય હોય તેનાથી ઓછી ટેક્ષ લાયબીલિટી GSTR-3Bમાં ડીકલેરનો થવી જોય.

**ઈનપુટ ટેક્ષ ક્રેડીટ**

- બુક્સ ઓફ એકાઉન્ટની ઈનપુટ ટેક્ષ ક્રેડીટનું GSTR-2B અને GSTR-3B ની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ સાથે રીકન્સીલેસન.
- GSTR-3B માં જે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરી છે તે GSTR-2B કરતા વધારે નો હોવી જોય.
- બુક્સ ઓફ એકાઉન્ટ માં જે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ હોય તેનું GSTR-3B ની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ સાથે રીકન્સીલેસન કરવું જરૂરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના ટેક્ષ ઇન્વોઇસ ની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ GSTR-3B માં નાણાકીય વર્ષ ૨૦૨૩-૪ માં ક્લેમ કરેલ હોય તો તેનું ઇન્વોઇસ વાઈસ લીસ્ટ બનાવી લેવું જરૂરી છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ટેક્ષ ઇન્વોઇસની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ GSTR-3B નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ક્લેમ કરવાની હોય તો તેનું પણ ઇન્વોઇસ વાઈસ લીસ્ટ બનાવી લેવું હિતાવહ છે

| ITCની વીગત | CGST | SGST | IGST |
|---|---|---|---|
| બુક્સ ઓફ એકાઉન્ટ મુજબ ITC | | | |
| + નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ITC નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ક્લેમ કરેલ છે તે ઉમેરવાની. | | | |
| - નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની ITC નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ક્લેમ કરવાની હોય તે બાદ કરવાની | | | |
| GSTR-3B મુજબની ITC | | | |

- આપણે જેની પાસેથી માલની ખરીદી કરી છી તેને ૧૮૦ દિવસમાં પેમેન્ટ કરી દેવું જરૂરી છે. જો ૧૮૦ દિવસમાં પેમેન્ટ નો થયું હોય તે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ નું વ્યાજ સાથે રિવર્સલ કરવાનું હોય છે તે કર્યું છે કે નય ? તે ચકાસી લેવું જરૂરી છે.
- ITC REVERS કરવાની થતી હોય તો રિવર્સ કરી છે કે કેમ.
- બુકમાં જેટલી INPUT TAX CREDIT રહેતી હોય તેટલી જ ક્રેડીટ GST PORTAL પર હોવી જોઈ. અથવા બુક્સમાં જો ચલન ભરવાનું થતું હોય તો પોર્ટલ પર પણ તેટલું જ ચલણ હોવું જોઈ.
- નફા નુકસાન ખાતાની ઉધાર બાજુ જેટલો ખર્ચ કે ખરીદી હોય તેને એક વાર ચકાસી લેવું અને તે પ્રોપર GATR-3Bમાં રિપોર્ટીંગ થયું છે કે નય તે ચેક કરી લેવું.
- નફા નુકસાન ખાતાની ઉધાર બાજુ માં જે ખર્ચ છે તેમાં RCM લાગુ પડતું હોય તો તે ચેક કરી લેવું અને તેટલો RCM ભર્યો છે કે નય તે જોવું.
- આપણે જેની પાસેથી માલની ખરીદી કરી છે. તે વેપારીનો GST NUMBER પાછળની તારીખથી કેન્સલ નથી થય ગયો ને તે ખાસ ચકાસી લેવું જરૂરી છે.

માર્ચ ૨૦૨૪ અથવા જાન્યુઆરી-માર્ચ-૨૦૨૪નું GSTR -3B ફાઈલ કરતી વખતે જો ઉપર મુજબના મુદ્દાઓને ચકાસીને તેની અસર GSTR -3Bમાં આપવામાં આવે તો GST અંતર્ગત રીટર્ન સ્ક્રુટીની અથવા વ્યાજથી બચી શકાય છે. આમ કરવાથી એક વર્ષની અસર અન્ય વર્ષમાં દર્શાવવા અંગેની મુશ્કેલીથી પણ બચી શકાય છે.

**(લેખક થાનગઢ ખાતે ટેક્સેશન ઉપર પ્રેક્ટિસ કરે છે)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# જી.એસ.ટી. હેઠળ એપ્રિલ મહિનામાં આ કર્યો કરવાનું ચૂકશો નહીં!!

**Dt. 09.04.2023**

જી.એસ.ટી. હેઠળ એપ્રિલ મહિનો ખૂબ મહત્વનો રહેતો હોય છે. ખાસ કરીને કંપોઝીશન હેઠળ પરવાનગી ધરાવતા કરદાતાઓ માટે તથા આ પરવાનગી રદ કરી ૦૧ એપ્રિલથી નોર્મલ કરદાતા તરીકે ટેક્સ ભરવાની જવાબદારી સ્વીકારવામાં આવી હોય તેવા કરદાતા માટે આ મહિનો વિશેષ મહત્વ ધરાવતો હોય છે. કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાએ તેઓના ત્રિમાસિક ટેક્સના ફોર્મ CMP-08 ઉપરાંત તેઓનું વાર્ષિક રિટર્ન GSTR 4 પણ એપ્રિલમાં ભરવાનું થતું હોય છે. આ ઉપરાંત કોઈ કરદાતા જેઓ અગાઉ કંપોઝીશનની પરવાનગી ધરાવતા હતા અને તેઓ ૦૧ એપ્રિલથી કંપોઝીશનમાંથી નોર્મલ કરદાતા તરીકે ટેક્સ ભરવાનો વિકલ્પ સ્વીકારે છે તેઓ માટે પણ એપ્રિલમાં સ્ટોક ઉપરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા ITC 01 ફોર્મ ૩૦ એપ્રિલ સુધી ભરવું ફરજિયાત છે. આ ઉપરાંત ગત વર્ષનું ટર્નઓવર નિયત મર્યાદાથી ઓછું હોય કોઈ કરદાતા જી.એસ.ટી. નોંધણી દાખલો રદ્દ કરાવવા અરજી કરવા માંગતા હોય તો પણ ૩૦ એપ્રિલ સુધીમાં આ અરજી કરવી જરૂરી છે. આ લેખમાં એપ્રિલમાં કરવાના થતાં મહત્વના કર્યો વિષે માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

### જી.એસ.ટી. નોંધણી દાખલો રદ્દ કરવાની મુદત છે ૩૦ એપ્રિલ ૨૦૨૨

જ્યારે કોઈ કરદાતા પોતાનું ટર્નઓવર જી.એસ.ટી. હેઠળની મર્યાદાથી ઓછું થાય અથવાતો તેઓનો ધંધો ૩૧ માર્ચ ૨૦૨૪થી બંધ કરવામાં આવ્યો હોય ત્યારે જી.એસ.ટી. નોંધણી નંબર રદ્દ કરાવવાની અરજી ૩૦ એપ્રિલ ૨૦૨૩ પહેલા કરવાની રહે છે. જી.એસ.ટી. પોર્ટલ ઉપર હાલ જે પદ્ધતિ કાર્યરત છે તે મુજબ ૩૧ માર્ચ ૨૦૨૪ થી નોંધણી દાખલો રદ્દ કરવાનો થતો હોય તેઓએ મોડમાં મોડી ૩૦ એપ્રિલ સુધીમાં નોંધણી દાખલો રદ્દની અરજી કરી આપવાની રહે છે. એ બાબત નોંધવી ખૂબ જરૂરી છે કે મે ૨૦૨૪ કે ત્યાર બાદ નોંધણી રદ કરવાની અરજી કરવામાં આવે તો જી.એસ.ટી. પોર્ટલ ૩૧ માર્ચ ૨૦૨૪ની તારીખ પસંદ કરવાનો વિકલ્પ કરદાતાને આપશે નહીં. આમ, જી.એસ.ટી. નંબર રદ કરાવવા માંગતા હોય તેવા કરદાતાએ આ નોંધણી દાખલો રદ્દ કરવાની અરજી ૩૦ એપ્રિલ સુધીમાં કરી આપવી અત્યંત જરૂરી છે. હા, આ અરજી કરતાં પહેલા નોંધણી રદ્દની અરજી કરવા સમયે સ્ટોક ઉપર ભરવાના થતાં ટેક્સ બાબતે જાણકારી મેળવી લેવી જરૂરી છે.



**By Bhavya Popat, Advocate**

### કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાઓ માટેનું વાર્ષિક રિટર્ન

જી.એસ.ટી. કાયદા હેઠળ કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતા માટે દર ત્રણ મહિને CMP 08 દ્વારા ટેક્સ ભરવાનો થતો હોય છે. આ CMP 08 ઉપરાંત વાર્ષિક GSTR 4 ભરવાની જવાબદારી પણ રહેતી હોય છે. આ GSTR 4માં કરદાતાનું વેચાણ ઉપરાંત ખરીદીની વિગતો પણ દર્શાવવાની રહેતી હોય છે. આ વાર્ષિક રિટર્ન કંપોઝીશન કરદાતાએ ૩૦ એપ્રિલ સુધીમાં ભરવાનું રહેતું હોય છે. જો આ રિટર્ન મોડુ ભરવામાં આવે તો રોજ ૫૦ જેવી લેઇટ ફી લાગુ પડતી હોય છે. આ લેઇટ ફી મહત્તમ 'નીલ' રિટર્ન ના સદર્ભમાં મહત્તમ ૫૦૦/- અને એ સિવાયના GSTR 4 રિટર્ન માં ૨૦૦૦ સુધીની લેઇટ ફી લાગુ પડતી હોય છે. આમ, કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાએ એપ્રિલ માહિનામાં GSTR 4 સમયસર ભરવું જરૂરી છે.

### ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા ૩૦ એપ્રિલ સુધીમાં ભરવામાં આવે ITC 01 ફોર્મ

કંપોઝીશનમાંથી બહાર નીકળવાનો વિકલ્પ જ્યારે ૦૧ એપ્રિલ ૨૦૨૪થી સ્વીકારવામાં આવ્યો હોય ત્યારે ૩૧ માર્ચના રોજ સ્ટોકમાં રહેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે કરદાતાએ ITC 01 ફોર્મ નિયત તારીખથી ૩૦ દિવસમાં ભરવાનું થતું હોય છે. આ ફોર્મ ૩૦ એપ્રિલ સુધીમાં ભરવામાં ના આવે તો કરદાતાને પોતાના સ્ટોક ઉપરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. એક ટેક્સ પ્રોફેશનલ તરીકે ક્યારેક એવું ધ્યાને આવતું હોય છે કે આ જોગવાઈની અજાણતાને કારણે આ ફોર્મ સમયસર ભરવામાં આવતું નથી. આ કારણે ઘણીવાર કરદાતાને મોટુ આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવતો હોય છે. આમ, આ ફોર્મ સમયસર ૩૦ એપ્રિલ સુધીમાં ભરવું ખૂબ જરૂરી છે.

### ઇ ઈંવોઇસ અંગેની જવાબદારી ચેક કરી લેવી છે જરૂરી

કોઈ પણ કરદાતાનું ટર્નઓવર ગત નાણાકીય વર્ષ ૨૦૨૩ ૨૪ માં ૫ કરોડથી વધુ થયું હોય તો ૦૧ એપ્રિલ ૨૦૨૪ થી તેઓ ઇ ઈંવોઇસ બનાવવા જવાબદાર બની જશે. ઇ ઈંવોઇસ માટે જવાબદાર કરદાતા આ જોગવાઈનું પાલન ના કરે તો વેચનાર વેપારી દંડકીયા જોગવાઈ માટે જવાબદાર બની જાય છે અને ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગે પણ પ્રશ્ન ઉપસ્થિત થતાં હોય છે. આ બાબતે કરદાતાએ પોતાની જવાબદારી ચકાસી લેવી જરૂરી છે.

### નિયમિત ભરવાના થતાં માસિક/ત્રિમાસિક GSTR 1 તથા GSTR 3બી

કંપોઝીશન સિવાયના કરદાતાઓ માટે એપ્રિલ મહિનામાં પોતાના ત્રિમાસિક અથવા માસિક GSTR 1 ભરવાના રહેતા હોય છે. માસિક ધોરણે ભરવાના થતાં GSTR 1 ભરવાની નિયત તારીખ ૧૧ એપ્રિલ છે જ્યારે ત્રિમાસિક GSTR 1 ભરવાની છેલ્લી તારીખ ૧૩ એપ્રિલ છે. આ ઉપરાંત કંપોઝીશન સિવાયના કરદાતાઓએ ભરવાના થતાં GSTR 3Bની નિયત તારીખ ૫ કરોડ સુધીના ટર્નઓવર માટે ૨૨ એપ્રિલ છે જ્યારે ૫ કરોડ કે તેથી વધુના ટર્નઓવર માટે ૨૦ એપ્રિલ છે.

### એપ્રિલ મહિનામાં ગત વર્ષની આઉટપુટ તથા ઈન્પુટ અંગેની વિગતો પોર્ટલ ઉપર ચેક કરી લેવી છે જરૂરી!

જી.એસ.ટી. હેઠળ ગત વર્ષ એટ્લે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં વેચાણ ઉપર ભરવાની થતી આઉટપુટ જવાબદારીમાં GSTR 1 તથા GSTR 3B માં કે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાબતે GSTR 2B તથા 3B વચ્ચે કોઈ તફાવત હોય તો તેની અસર એપ્રિલ મહિનામાં માર્ચ ૨૦૨૪ ના રિટર્નમાં અસર આપી દેવી અત્યંત જરૂરી છે. જો આ અસર માર્ચ મહિનાના રિટર્નમાં ના આપવામાં આવે તો ત્યાર બાદના નાણાકીય વર્ષમાં આપવામાં આવે તો કરદાતા તથા તેમના એકાઉન્ટન્ટ અને ટેક્સ પ્રોફેશનલ્સ માટે આ અંગેની વિગતો વાર્ષિક રિટર્નમાં ભરવામાં મુશ્કેલી ઊભી થતી હોય છે. આ મુશ્કેલી થી બચવા એપ્રિલ મહિનામાં જે માર્ચનું રિટર્ન ભરવામાં આવે તે વધુ તકેદારી રાખી ભરવામાં આવે તે જરૂરી છે.

સામાન્ય રીતે એવું માનવમાં આવતું હોય છે કે ટેક્સ પ્રોફેશનલ્સ માટે માર્ચ મહિનો સૌથી મુશ્કેલ રહેતો હોય છે. જ્યારે હવે ટેક્સ પ્રોફેશનલ્સ માટે એપ્રિલ, જુલાઇ, ઓક્ટોબર જેવા મહિનાઓ વધુ મુશ્કેલ રહેતા હોય છે. જી.એસ.ટી. હોય કે ઇન્કમ ટેક્સ હાલ ટેક્સ પ્રોફેશનલસે અને કરદાતા બન્નેએ સિસ્ટમ પ્રમાણે ચાલવાનું રહેતું હોય છે. કરદાતા કે ટેક્સ પ્રોફેશનલ્સ સિસ્ટમ ઉપર આપવામાં આવેલ સમયમર્યાદા ચૂકે તો ઘણીવાર ખૂબ મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવતો હોય છે. ટેક્સ પ્રોફેશનલ્સ સાથે કરદાતા પણ આ અંગે પોતાની જવાબદારી સમજે એ ખૂબ જરૂરી છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં પ્રકાશિત થયેલ છે.)**

## સેંટરલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ તથા એકાઉન્ટિંગ સૉફ્ટવેર ટેલિ કંપની દ્વારા વડોદરા ખાતે સ્ટડી સર્કલ મિટિંગનું આયોજન






તા. ૦૪.૦૪.૨૦૨૪ આજરોજ સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ વડોદરા અને ટેલી કંપની ધ્વારા લક્ષ્મી વિલાસ પેલેસ બેન્કવેટ એન્ડ કનવેનશન હોલમાં ટેલી સોફ્ટવેર ૪.૦,૪.૧ ના વર્કશોપ નો સ્ટડી સર્કલ મિટિંગ યોજાઈ.જેમાં ૨૫૦/- થી વધુ સભ્યોએ હાજરી આપી.. ટેલી સોફ્ટવેર ના પાર્ટનર વરુણ અમીન અને સીએ પાર્થ પટેલે ખુબ ઉમદા સમજ આપી. આ પ્રસંગે પ્રમુખ વિજય શાહ, મંત્રી કલ્પેશ જયસ્વાલ, ઈમીરેટ્સ પ્રેસિડેન્ટ ભાસ્કર પટેલ, સિનિયર એડવોકેટ મનુભાઈ વાઘેલા, દિપક અમીન, અમિત સોની, હિમાંશુ વાઘેલા, ભરત સ્વામી, કૌશિક વૈદ્ય, જગેશ શાહ, નકુલેશ પટેલ, ફૈઝાન ડભોઈવાલા, ગેલેક્સી ઓફ પાસ્ટ પ્રેસિડેન્ટ,કારોબારી સભ્યો, સામાન્ય સભ્યો, આમંત્રિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવેલ.

**અમિત સોની, ટેક્સ ટુડે**

## વકીલ મૃત્યુ સહાય અને વકીલ માંદગી સહાયમાં વધારો કરાયો...

**પ્રતિનિધિ દ્વારા**
**તા.૩૦-૦૩-૨૦૨૪**
**શનિવાર**



આજરોજ વકીલોની માતૃ સંસ્થા એવી બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના અધ્યક્ષ સ્થાને મળેલી સામાન્ય સભામાં (બીસીજી બોર્ડ)માં ગુજરાતના વકીલ સમુદાય માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે જે લીગલ રિપોર્ટર ટેક્ષએડવોકેટ હર્ષદ ઓઝા જણાવે છે કે વકીલ મૃત્યુ સહાયમાં ૫૦,૦૦૦ નો વધારો કરવામાં આવ્યો છે એટલે કે હવે પછીના નાણાકીય વર્ષની શરૂઆતથી તારીખ ૦૧-૦૪-૨૦૨૪થી ૪,૫૦,૦૦૦ ચૂકવવામાં આવશે. અને સાથે સાથે વકીલ માંદગી સહાયની રકમ માં રૂ. ૨૦.૦૦૦ નો વધારો કરવામાં આવ્યો છે.

અત્રે એક બાબત દરેક નોંધાયેલ વકીલ મિત્રોએ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડમાં નિયમિત વાર્ષિક રીન્યુઅલ ફી ભરવી જોઈએ જે આવકાર્ય, જરૂરી અને ફરજિયાત પણ છે.

બીસીઆઈ એકઝામ રીઝલ્ટ ની બાબતે રજૂઆત માટે બીસીજી ની ટીમ બે દિવસ માં દીલ્હી બીસીઆઈ ચેરમેનની રુબરુ મુલાકાત કરી રજૂઆત કરશે.

નામદર ગુજરાત હાઈકોર્ટના ચીફજસ્ટીશ સુનીતાબેન અગ્રવાલ સાહેબ ની સૂચના હુકમ મુજબ સમગ્ર ગુજરાતમાં આવેલા તાલુકા, જીલ્લા બાર એસોસીએસનો જુનીયસ વકીલોને નિયમિત અપડેટ રાખવા માટે તેમજ તેમને નિયમિતપણે કાયદાનુ જ્ઞાન મળતુ રહે તે હેતુએ દરેક બાર એસોસિએશન એકેડમીની સ્થાપના કરે અને આ એકેડમી મારફતે બાર એસોસિયેશન સીનીયર વકીલ સાહેબો, જેતે બારના કોર્ટ જજીશો નો શૈક્ષણિક ઉપયોગ કરી લીગલ સેમીનાર સ્ટડી સેમીનારનું સંકલન કરશે.

**ટેક્ષ-એડવોકેટ હર્ષદ ઓઝા**
**(મેમ્બર ઓફ બાર કાઉન્સીલ ઓફ ગુજરાત, અમદાવાદ)**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**Dt 15.04.2024**
**Goods Services Tax**

**અમારા અસીલ ''રેસિડન્ટ વેલ્ફેર સોસાયટી'' છે. તેઓ ફ્લેટ દીઠ ૨૫૦૦ રૂ નું મેઈનટેનન્સ ઉઘરાવે છે. આ મેઈનટેનન્સ અંગેની આવક ૩૩ લાખ જેવી છે જ્યારે ટ્રાન્સફર ફી, પ્રસંગ ભાડું, તહેવારની આવક વગેરે આવક ૧૦ લાખ જેવી છે. શું તેઓએ જી.એસ.ટી. નંબર લેવો ફરજિયાત બને? જો હા તો શું મેઈનટેનન્સની આવક તથા અન્ય આવક ઉપર જી.એસ.ટી. લાગુ પડે? – બાબુભાઈ ખારેચા, ધંધુકા**

**જવાબ** હા, આપના અસીલની રિસીપ્ત ૨૦ લાખથી વધુ હોય જી.એસ.ટી. હેઠળ રજીસ્ટ્રેશન લેવું ફરજિયાત બને તેવો અમારો મત છે. ૨૫૦૦ લેખે ઉઘરાવવામાં આવેલ મેઈનટેનન્સ ઉપર ગઈંક રેટેડ GSTનો લાભ મળે. વધારાની જે ૧૦ લાખની આવક છે તેના ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

---

**અમારા અસીલ એક્સપોર્ટર છે. તેઓ દ્વારા IGST પેઇડ એક્સપોર્ટ કરવામાં આવેલ હતું. આ એક્સપોર્ટ બાબતે તેઓને રિફંડ પણ મળી ગયું હતું. હવે આ એક્સપોર્ટ કરેલ માલ પરત થઈ રહ્યો છે. માલ પરત થવા સમયે અમારી પાસે IGST ઓન ઈમ્પોર્ટ ભરાવવામાં આવ્યો છે. અમારો પ્રશ્ન એ છે કે શું આ ભરવામાં આવેલ IGSTની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમોને મળે? અગાઉ અમોને મળેલ IGST અંગેનું રિફંડ અમારે પરત કરવાનું રહે? – અવિનાશ ધોલરિયા, ટેક્સ કન્સલ્ટન્ટ**

**જવાબ** IGST વિથ પેમેન્ટના વિકલ્પ સાથે કરવામાં આવેલ એક્સપોર્ટ બાબતે રિફંડ મેળવવામાં આવેલ હોય તો જી.એસ.ટી. રિફંડ રિવર્સ કરવાનું રહે નહીં તેવો અમારો મત છે. આપના અસીલ દ્વારા ઈમ્પોર્ટ ઉપર ભરવામાં આવેલ IGSTની ઈન્પુટ મળે તેવો અમારો મત છે.

---

## ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ ''રેસિડન્ટ વેલ્ફેર સોસાયટી'' છે. તેઓ ફ્લેટ દીઠ ૨૫૦૦ રૂ નું મેઈનટેનન્સ ઉઘરાવે છે. આ મેઈનટેનન્સ અંગેની આવક ૩૩ લાખ જેવી છે જ્યારે ટ્રાન્સફર ફી, પ્રસંગ ભાડું, તહેવારની આવક વગેરે આવક ૧૦ લાખ જેવી છે. ઈન્કમ ટેક્સ હેઠળ તેઓની કેવી જવાબદારી આવે? – બાબુભાઈ ખારેચા, ધંધુકા**

**જવાબ** આપના અસીલ જેઓ ''રેસિડંટ વેલ્ફેર સોસાયટી'' છે તેઓ ઈન્કમ ટેક્સ હેઠળ AOP ગણાય અને અઘઙ ના સ્લેબ લેખે નફા ઉપર ખખછ (મેકસીમમ માર્જિનલ રેટ) લેખે ટેક્સ ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

---

**06.04.2024**
**Goods Services Tax**

**કોઈ ઈ કોમર્સ ઓપરેટર જેઓ ''સર્વિસ અગરિગેટર'' છે તેઓ જયારે સર્વિસ પ્રોવાઈડર અનરજીસ્ટર્ડ હોય ત્યારે કોઈ સેવા પૂરી પડે ત્યારે તેઓએ વેચાણની કુલ રકમ ઉપર તો જી.એસ.ટી. વસૂલ કરેલ હોય પરંતુ જે કમિશન વેચનાર પાસેથી લીધેલ હોય તેના પર લીધેલ હોય તેના પર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે? – મંથન સરવૈયા, ટેક્સ કન્સલ્ટન્ટ**

**ટેક્સ ટુડે એક્સપર્ટ:**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

**જવાબ** હા, ઈ કોમર્સ ઓપરેટર દ્વારા વેચનાર પાસેથી જે કમિશન લેવામાં આવે તેના ઉપર પણ જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

---

**કોઈ કરદાતાની ખરીદી ''ઈન્ટર સ્ટેટ'' હોય અને વેચાણ ''લોકલ'' જ હોય તેવા સંજોગોમાં શું તેઓ કંપોઝીશન સ્કીમનો લાભ મળી શકે. શું ''સપ્લાય'' ની વ્યાખ્યામાં ખરીદનો પણ સમાવેશ થાય? – વિરલ જે જડવાણી, ટેક્સ કન્સલ્ટન્ટ**

**જવાબ** હા, કરદાતા ઈન્ટર સ્ટેટ ખરીદી કરતાં હોય પરંતુ લોકલ જ વેચાણ કરતાં હોય તો કંપોશીશન સ્કીમનો લાભ મળે તેવો અમારો મત છે.

---

**અમારા અસીલ ડોક્ટર છે અને માત્ર ''હેલ્થ કેર સર્વિસ'' પૂરી પાડે છે. તેઓ જી.એસ.ટી. નંબર ધરાવતા નથી. હવે તેઓ કમર્શિયલ પ્રોપર્ટી ભાડે આપવા માંગે છે. આવા સંજોગમાં જી.એસ.ટી. ની જવાબદારી આવે કે નહીં? જો આવે તો કંપોઝીશનનો (.૫%+.૦૫%) નો વિકલ્પ મળી શકે? – જીતેશ વોરા, ટેક્સ કન્સલ્ટન્ટ**

**જવાબ** હા, આપના અસીલનું ટર્નઓવર જો ૨૦ લાખથી વધુ (હેલ્થકેર + કમર્શિયલ પ્રોપર્ટીનું ભાડું) થતું હોય તો જી.એસ.ટી. ની જવાબદારી આવે. તેઓ કંપોઝીશન હેઠળ ૦.૫% નહીં પરંતુ ૩% + ૩% જી.એસ.ટી. ભરવાનો વિકલ્પ પસંદ કરી શકે છે.

---

**અમારા અસીલ ''ઈનવરટેડ રેઈટ'' હેઠળ પડે છે અને રિફંડ માટે હક્કદાર છે. ઓગસ્ટ ૨૦૨૧ થી ઓક્ટોબર ૨૦૨૧ નું રિફંડ મેળવવા અરજી કરેલ છે. શું આ સમય માટે ૦૧ માર્ચ ૨૦૨૪ ના રોજ અરજી કરી શકાય કે આ અરજી ટાઈમ બાર્ડ ગણાય? કોરોના અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદા તથા જી.એસ.ટી. નું નોટિફિકેશન ધ્યાને લઈ આ જવાબ આપવા વિનંતી. – કૌશલભાઈ તન્ના, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**

**જવાબ** અમારા મતે ઈનવરટેડ રેઈટ સ્ટ્રક્ચરના રિફંડ માટે ઓગસ્ટ ૨૦૨૧ થી ઓક્ટોબર ૨૦૨૧ ની અરજી ૨૮.૦૨.૨૦૨૪ છેલ્લી મુદત ગણાય તેવો અમારો મત છે.

---

### –: ખાસ નોંધ :–

૧. જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઈ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઈ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્કલેમર:** આ કૉલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# CBIC GST તપાસ માટે માર્ગદર્શિકા સૂચિત કરી, મોટી કંપનીઓ માટે પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય



By Darshit Shah,
Tax Advocate, Ahmedabad

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડિરેક્ટ ટેક્સિસ અને કસ્ટમ્સ (CBIC) એ સીજીએસટીના અધિકારીઓ માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. સીજીએસટી ક્ષેત્રના અધિકારીઓએ હવે કોઈપણ મોટા ઔદ્યોગિક ગૃહો અથવા મોટા ખગઈત સામે તપાસ શરૂ કરવા તેમના ઝોનલ પ્રિન્સિપલ ચીફ કમિશનરની મંજૂરી લેવી પડશે. ઘણી વખત DGGI અથવા સ્ટેટ જી.એસ.ટી દ્વારા એક જ કરદાતાની અલગ અલગ વિષયો પર રેકોર્ડ આધારિત તપાસ કરવામાં આવતી હોય છે. ત્યાં પ્રિન્સિપાલ કમિશનરે કોઈ એક કચેરીની તાપસને ધ્યાને લઈ કરદાતાના સંદર્ભમાં અન્ય કચેરીઓ તેમની સાથે તેમની સામગ્રીને એકીકૃત કરવાની રહેશે. માર્ગદર્શિકામાં એ પણ જાણવામાં આવ્યું કે અધિકારીઓ દ્વારા શરુ કરવામાં આવેલી તપાસ એક વર્ષની નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. સીબીઆઈસીએ વધુમાં જણાવ્યું હતું કે લિસ્ટેડ કંપની અથવા પીએસયુના સંદર્ભમાં તપાસ શરૂ કરતી વખતે અથવા તેમની પાસેથી વિગતો માંગતી વખતે, સીજીએસટી અધિકારીઓએ જેતે કંપની ના નિયુક્ત અધિકારીને ''સમન્સને પઢવાને બદલે સત્તાવાર પત્રો જારી કરવા જોઈએ, જેમાં તપાસના કારણો અને કાયદાકીય વિગતો તેના માટે જોગવાઈઓનો ઉલ્લેખ કરવો જોઈએ. તથા વાજબી સમયગાળા ની અંદર દસ્તાવેજોની માંગણી કરવી જોઈએ. સીબીઆઈસીએ વધુમાં જણાવ્યું હતું કે જી.એસ.ટી.ના અધિકારીઓએ કરદાતા પાસેથી તે માહિતી ના મંગાવી જોઈએ કે, જે જીએસટી પોર્ટલ પર પહેલેથી જ ઓનલાઈન ઉપલબ્ધ છે. આ ઉપરાંત તપાસ સમાપ્ત થયા બાદ SHOW CAUSE નોટિસ પાઠવામાં તથા સરકારી લેણા લેવામાં વિલંબ થવો જોઈએ નહીં. આ સૂચનો ટેક્સ પૉલિસી બનાવવાનું એક મહત્વપૂર્ણ પગલું છે તથા તેના અમલીકરણથી મોટા કરદાતા માટે લાભદાયી બનશે અને આ સૂચનોનું જો તેનું પાલન કરવામાં આવે તો તે દેશના વ્યાપાર ઉદ્યોગ ને ઘણી રાહતદાયી રહેશે તેવું માનવમાં આવી રહ્યું છે.

◆ Year: 8 ◆ Issue No.6 ◆ Continue Issue No.90 ◆ Date: 20/04/2024, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.